GJGS040034902025

| | | | |
|---|---|---|---|
| **આંક** | | | |
| **દાખલ કર્યા તારીખ** | ૧૨ | ૦૯ | ૨૦૨૫ |
| **રજીસ્ટર્ડ કર્યા તારીખ** | ૧૨ | ૦૯ | ૨૦૨૫ |
| **ફેંસલ કર્યા તારીખ** | ૦૨ | ૦૪ | ૨૦૨૬ |
| **સમયગાળોઃ** | **દિવસ** | **માસ** | **વર્ષ** |

**મહેરબાન ઉનાના સેકન્ડ એડીશ્નલ સિનિયર સિવિલ જજ (શ્રી નીરજ કુમાર યાદવ) સાહેબની કોર્ટ સમક્ષ મુ. ઉના, તા. ઉના, જી. ગીર સોમનાથ.**

**રે.દિ.મુ.નં. ૧૪૬/૨૦૨૫**

**વાદીઃ** **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
મુખ્ય કચેરી રાજકોટ,
પેટા કચેરી, ઉના.

**વિ રૂ દ્ધ**

**પ્રતિવાદીઃ** **અરજણભાઇ નાનુભાઇ બાંભણીયા**
ઉ.વ. ૪૫, ધંધો – ખેતી,
રહે. ભીમપરા વિસ્તાર, રામેશ્વર મંદિરની બાજુમાં,
ઉના, તા. ઉના, જી. ગીર સોમનાથ.

દાવોઃ– **વીજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ – ૧૫૪(૫) મુજબ પાવરચોરીના બિલની રકમ રૂ. ૩૫,૮૨૭.૮૪ પૈસા વસુલ લેવા અંગે.**

---

| | | |
|---|---|---|
| **વાદી તરફે વિ.વ.શ્રી** | – | ટી. આર. દેસાઇ |
| **પ્રતિવાદી તરફે વિ.વ. શ્રી** | – | એલ.જે. સોલંકી |

---

**– ઃ ચુ કા દો ઃ–**

(૧) આ કામના વાદીના દાવાની ટુંક હકીકત એવી છે કે, વાદી ધી ઇન્ડીયન ઇલેક્ટ્રિક સીટી સપ્લાય એક્ટ ૧૯૪૮ ની કલમ ૫, ૬ અને ૭ હેઠળ કોર્પોરેટ થયેલ ગુજરાત વિદ્યુત બોર્ડની સબ ડીવીઝન કચેરી હતી. ત્યારબાદ ગુજરાત વિદ્યુત બોર્ડનું ગુજરાત સરકારના વિજ અધિનિયમ – ૨૦૦૩ ના કાયદા અન્વયે કંપનીઓમાં વિભાજન થતાં વાદીનું નામ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ આપવામાં આવેલ. વાદીની હેડ ઓફીસ રાજકોટ, વિભાગીય ઓફીસ ભાવનગરમાં, સર્કલ ઓફીસ અમરેલી અને ડીવીઝન ઓફીસ ઉનામાં તેમજ સબ ડીવીઝન ઓફીસ ઉના આવેલ છે. દાવામાં સહી કરનાર વાદી સંસ્થાના અધિકૃત અધિકારી છે. વાદી ગુજરાતમાં તેના વીજ ગ્રાહકોને વીજ પુરવઠો પુરા પાડવાનું કાર્ય કરે છે. પ્રતિવાદી વાદીના ગ્રાહક ન હોય કાયદેસર રીતે વીજ જોડાણ મેળવેલ નથી અને તેઓ કાયદેસર ગ્રાહક નથી. તા. ૦૩/૧૦/૨૦૨૩ ના રોજ વાદીના અધિકારીઓ દ્વારા પ્રતિવાદીને ઘરે સ્થળ ચેકીંગ રોજકામ અને એનેક્ષર – ૪ મુજબ ચેકીંગ કરતા પ્રતિવાદી વાદી કંપનીની હળવા દબાણની વીજ લાઇનમાં વાયર જોડીને ડાયરેક્ટ પાવરચોરી કરતા પકડી પાડેલ હોય વાદી કંપની તરફથી પ્રતિવાદીને વીજચોરી અંગેનું રૂ. ૨૭,૪૩૩.૮૪ પૈસાનું બિલ મોકલાવેલ જે બિલની રકમ પ્રતિવાદીએ ભરવાની દરકાર કરેલ નથી. જે અંગે વાદી સંસ્થા દ્વારા પ્રતિવાદીને નોટીસ આપવામાં આવેલી તેમ છતાં પ્રતિવાદીએ બિલની રકમ ભરવાની દરકાર કરેલ નથી. વાદીની કંપનીના નિયમ અનુસાર જો કોઇ પણ બિલની રકમ દિવસ – ૧૫ માં ભરપાઇ ન થાય તો ધોરણસરનો ડીલે પેમેન્ટ ચાર્જ વસુલ કરવામાં આવે છે. જે મુજબ પ્રતિવાદી પાસે રૂ. ૨૭,૪૩૩.૮૪ પૈસા પાવર ચોરીના બિલના તેમજ રૂ. ૮,૩૯૪.૦૦ પૈસા ડીલે પેમેન્ટ ચાર્જના એમ કુલ મળી રૂ. ૩૫,૮૨૭.૮૪ પૈસા બાકી નીકળતા હોય જે રકમ પ્રતિવાદી પાસેથી દરેક પ્રકારની સ્થાવર તથા જંગમ મિલકત પરથી વાર્ષિક ૧૬ ટકાના ચડતા વ્યાજના દરે વસુલ અપાવવા તેમજ દાવાને આનુસંગિક મળતી તમામ દાદ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) હાલનો દાવો દાખલ થતા પ્રતિવાદીને નોટીસ કરવામાં આવતા સદર નોટીસ પ્રતિવાદીને બજી જતાં તેમના વિદ્વાન વકીલશ્રી મારફત હાજર થયેલ અને વાંધાજવાબ રજુ રાખવા માટે મુદતની માંગણી કરવામાં આવેલ ત્યારબાદ પ્રતિવાદીને પુરતી તક આપવા

છતાં પ્રતિવાદી અદાલતમાં હાજર રહેલ નહીં કે પ્રતિવાદી તરફે કોઇ રીપોર્ટ રજુ રાખેલ ન હોય જેથી પ્રતિવાદીનો વાંધાજવાબ રજુ રાખવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) આ કામે વાદી તરફે પોતાના પક્ષ નિવેદનની હકીકતોને સમર્થન કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ છે.

**– ઃ વાદી તરફે મૌખિક પુરાવો ઃ–**

| | |
|---|---|
| ૧. આંક – ૧૧ | થી વાદી સંસ્થા તરફે વિપુલકુમાર લક્ષ્મણભાઇ બારડનું સરતપાસનું સોગંદનામું |

**– ઃ વાદી તરફે દસ્તાવેજી પુરાવાઓ ઃ–**

| | |
|---|---|
| ૧. આંક – ૧૩ | થી પ્રતિવાદીને આપેલ પાવરચોરીનું બિલ |
| ૨. આંક – ૧૪ | થી સ્થળ પરના રોજકામની ખરીનકલ |
| ૩. આંક – ૧૫ | થી સ્થળ પરનો પ્રતિવાદીના વિદ્યુત જોડાણનો તપાસણી અહેવાલની ખરીનકલ |
| ૪. આંક – ૧૬ | થી પરફોર્મા નં. ૧૨ ની નકલ |
| ૫. આંક – ૧૭ | થી પાવરચોરીનું પુરવણી બિલ |
| ૬. આંક – ૧૮ | થી વાદી સંસ્થા દ્વારા પ્રતિવાદીને મોકલેલ નોટીસ |
| ૭. આંક – ૧૯ | થી પોસ્ટ ખાતાની એક્નોલોજમેન્ટ |
| ૮. આંક – ૨૦ | થી પ્રતિવાદીના ખાતાની નકલ |
| ૯. આંક – ૨૧ | થી પ્રતિવાદી સામેની એફ.આઇ.આર. |
| ૧૦. આંક – ૨૨ | થી પ્રતિવાદી સામે દાવો દાખલ કરવા માટે મળેલ મંજુરી |

ત્યારબાદ આ કામે આંક – ૨૩ થી વાદી તરફે ક્લોઝીંગ પુરસીસ રજુ રાખી પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ છે.

**–ઃ પ્રતિવાદી તરફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ઃ–**

આ કામના પ્રતિવાદીને પ્રતિવાદી વિરૂદ્ધ દાવો દાખલ થયેલ હોવાની નોટીસ કરી જાણ કરવામાં આવેલ હોવા છતાં આ કામના પ્રતિવાદી અદાલતમાં હાજર થયેલ ન હોય કે પ્રતિવાદીને પુરતી તક આપવા છતાં કોઇ પુરાવો રજુ રાખતા ન હોય જેથી પ્રતિવાદીનો પુરાવા રજુ રાખવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કામે આંક – ૯ થી નીચે મુજબના મુદ્દાઓ નક્કી કરવામાં આવેલ.

**–ઃ મુદ્દા ઃ–**

૧. શું વાદી સાબિત કરે છે કે, પ્રતિવાદી પાસેથી વાદી કંપનીના કાયદેસરના બાકી લેણા પેટે કુલ રૂ. ૩૫,૮૨૭.૮૪ પૈસા પુરા લેવાના નીકળે છે?
૨. શું વાદી પુરવાર કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસેથી બાકી લેણી રકમ ઉપર વ્યાજ મેળવવા હક્કદાર છે? જો હા તો કેટલા ટકા?
૩. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે?
૪. શું હુકમ અને હુકમનામું?

(૫) ઉપરોક્ત મુદ્દાઓનો મારા જવાબો નીચે મુજબ છે.

૧. હકારમાં.
૨. હકારમાં, ૬ ટકા સાદા વ્યાજના દરે.
૩. અંશતઃહકારમાં
૪. આખરી હુકમ મુજબ

(૬) આ કામે વાદી તરફે વિ.વ. શ્રીની રજુઆત છે કે, આ કામે અદાલતે નક્કી કરેલ મુદ્દાઓ વાદી પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખી સાબિત કરવામાં આવેલ છે. આ કામે વાદી તરફે સોગંદ પર પુરાવો રજુ રાખી દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે અને આ દસ્તાવેજો ખરીનકલ સ્વરૂપે અદાલતના રેકર્ડમાં સાબિત કરવામાં આવેલ છે. આ કામે વાદીની હકીકતોને પડકારવા માટે વાદી તરફે કોઇ હાજર નથી. આ કામના વાદી તરફે પ્રતિવાદી વિરૂદ્ધ કરવામાં આવેલા આક્ષેપો આ હકીકતોએ સાબિત માનવા જોઇએ

તેવી સ્થિતિ રહેલ છે. આ કામે પ્રતિવાદીને આપવામાં આવેલ બિલ તથા લેણાની વસુલાત માટે પ્રતિવાદીને આપવામાં આવેલ નોટીસ અદાલતના રેકર્ડ પર રજુ કરવામાં આવેલ છે અને આ દસ્તાવેજો સાબિત કરવામાં તેમજ વાદીએ દાવામાં માંગ્યા મુજબનું લેણું વસુલ મેળવવા હક્કદાર બનતા હોય તેવી હકીકતો સાબિત કરવામાં વાદી સફળ થાય છે તેવું માનવું જોઇએ તેમ જણાવી દાવો મંજુર કરવા રજુઆત કરવામાં આવેલ છે.

આ કામે પ્રતિવાદી તરફે કોઇ દલીલ કરવામાં આવેલ નથી.

**– ઃ કારણો ઃ–**

**મુદ્દા નં. ૧ થી ૩ ના કારણોની ચર્ચા**

(૭) આ કામે મુદ્દા નં. ૧ થી ૩ ના કારણો એકબીજા સાથે મળતા આવતા હોય પુનરાવર્તન તથા લંબાણ નિવારવાના હેતુથી આ મુદ્દાઓની ચર્ચા અત્રે એકસાથે કરવામાં આવે છે.

(૮) આ કામે હાલનો દાવો દાખલ કરી આ કામના વાદી તરફે શરૂઆતથી એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામની વાદી સંસ્થાની ઈલેક્ટ્રિસિટી લાઇન માટેના જતા વાયરમાં આ કામના પ્રતિવાદીએ વચ્ચેથી ડાયરેક્ટ વાયર નાખી પાવરચોરી કરેલ હોય તેવી હકીકતો તા. ૦૩/૧૦/૨૦૨૩ ના રોજ વીજચેકીંગ કરતા સમયે માલુમ પડેલ અને તેથી એસસમેન્ટ કરી કલમ – ૧૩૫ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ અને આ કામના પ્રતિવાદીને વીજ બિલ આપવામાં આવેલ. આ કામના પ્રતિવાદી પાસે રૂ. ૨૭,૪૩૩.૮૪ પૈસા તથા ડી.પી.સી. રૂ. ૮,૩૯૪.૦૦ પૈસા એમ કુલ મળી રૂ. ૩૫,૮૨૭.૮૪ વાદીનું લેણું નીકળે છે. આ રકમ મેળવવા માટે પ્રતિવાદીને નોટીસથી જાણ કરવા છતાં પ્રતિવાદી રકમ ચુકવી આપતા નથી.

(૯) આ કામે આંક – ૧૧ થી વાદી સંસ્થાના નાયબ ઈજનેરશ્રી વિપુલકુમાર લક્ષ્મણભાઈ બારડએ સરતપાસનું સોગંદનામું રાખી દાવાની હકીકતોને સમર્થન કરેલ છે તેમજ તા. ૦૩/૧૦/૨૦૨૩ ના રોજ આ કામના પ્રતિવાદીની હાજરીમાં સ્થળ પર વાદી સંસ્થાના અધિકારીઓએ વીજ ચેકીંગ કરેલ અને તે સમયગાળા દરમિયાન આ કામના

પ્રતિવાદી વીજ ચોરી કરતા હોવાનું માલુમ પડેલ. આ કામના પ્રતિવાદીના પોતાના રહેણાક મકાનની બાજુમાંથી પસાર થતી હળવા દબાણની લાઇનમાં બિન અધિકૃત વાયરથી વીજચોરી કરેલ હતી જેથી આ કામના પ્રતિવાદીએ કરેલ વીજચોરી બદલ આ કામના પ્રતિવાદીને તકરારી બિલ આપવામાં આવેલું. આ કામના પ્રતિવાદીએ સદર બિલની રકમ વાદી સંસ્થાને ભરપાઇ કરી આપેલ નથી. આ કામના પ્રતિવાદીના ઘરે વાદી સંસ્થાના અધિકારીઓ દ્ધારા વીજ ચેકીંગ કરેલ, જે વીજ ચેકીંગ કર્યા અંગેનું સ્થળ પરનું રોજકામ તથા જરૂરી દસ્તાવેજો તૈયાર કરવામાં આવેલ. જેમાં વાદી સંસ્થાના અધિકારીઓની સહી છે તેમજ આ કામના પ્રતિવાદી પાસે કહેવાતી રકમ કઇ રીતે લેણું થયેલ તે દર્શાવતા ગણતરી પત્રકો તેમજ પ્રતિવાદીને આપવામાં આવેલ બિલની ખરીનકલ તથા નોટીસ વિગેરે દસ્તાવેજી પુરાવાઓ રીફર કરી આંક અપાવવા રજુઆત કરવામાં આવેલ છે.

(૧૦) આ કામે આંક – ૧૩ થી આ કામના પ્રતિવાદીને આપવામાં આવેલ વીજચોરીના બિલની નકલ રજુ કરવામાં આવેલ છે. આ બિલમાં કુલ રકમ રૂ. ૨૭,૪૩૩.૮૪ પૈસા વસુલ લેવાની બાકી નીકળતી હોય તેવું લખવામાં આવેલ છે. આંક – ૧૪ થી સ્થળ પરનું કહેવાતું રોજકામ રજુ કરવામાં આવેલ છે જેમાં વીજ ચેકીંગ દરમિયાન સ્થળ પ્રતિવાદી અરજણભાઇ નાનુભાઇ બાંભણીયા હાજર હોવાનું તેમજ તા. ૦૩/૧૦/૨૦૨૩, સમય ૭–૪૫ એવું લખેલ રોજકામ રજુ કરવામાં આવેલ છે. આ રોજકામ મુજબ વાદી સંસ્થાના અધિકારીઓ સ્થળ ઉપર હાજર રહેલ અને સ્થળ પર પ્રતિવાદી હાજર હોય તેઓએ પોતાના ઘરની બાજુમાં વાદી કંપનીની લાઇનમાંથી પોતાનો પ્રાઇવેટ વાયર જોડી ચેકીંગશીટમાં દર્શાવ્યા મુજબના વીજ ઉપકરણો વાપરી વીજચોરી કરતા હોય તેવી હકીકતો લખવામાં આવેલ છે. આ રોજકામમાં નીચે વાદી સંસ્થાના ચેકીંગમાં હાજર રહેલ કર્મચારી/અધિકારીઓની સહી છે તેમજ પ્રતિવાદીએ સહી કરેલ નથી તેવી હકીકત લખેલ છે.

(૧૧) આ કામે આંક – ૧૫ થી વીજ જોડાણ તપાસણી અહેવાલ રજુ કરવામાં આવેલ છે. જેમાં ગ્રાહકનું નામ અરજણભાઇ નાનુભાઇ બાંભણીયા લખવામાં આવેલ છે. મીટરની વિગતમાં "બિન ગ્રાહક" તેવું લખવામાં આવેલ છે. સદર અહેવાલમાં વીજ સ્થાપન

જોડાણના સાધનોની વિગતમાં નીચે લોડની વિગત લખવામાં આવેલી છે. જે મુજબ સદર જગ્યાએ પાંચ ટ્યુબલાઇટ, ચાર પંખા, એક લેમ્પ, એક ટી.વી., એક મોટર તથા એક ફ્રીઝ લગાડવામાં આવેલ હોય તેવું લખવામાં આવેલ છે. સદર અહેવાલમાં નીચે ચેકીંગ પાર્ટીના અધિકારીની સહી કરવામાં આવેલ છે તેમજ હાજર પ્રતિવાદીએ સહી કરેલ નથી તેમ લખવામાં આવેલ છે.

(૧૨) આ કામે આંક – ૧૬ થી પરફોર્મા નં. ૧૨ એવા હેડીંગ નીચેનું એક ફોર્મ રજુ કરવામાં આવેલ છે. જેમાં વાદી કંપનીના અધિકારીઓ દ્વારા આ કામના પ્રતિવાદીના ઘરે ઉના મુકામે તા. ૦૩/૧૦/૨૦૨૩ ના રોજ ચેકીંગ કરેલ હોવાનું જણાઇ આવે છે તેમજ આ કામના પ્રતિવાદીએ કરેલ વીજચોરીની ગણતરી બાબતે એનર્જી ચાર્જીસ રૂ. ૨૭,૪૩૩.૮૪ પૈસા તથા ડી.પી.સી. રૂ. ૮,૩૯૪.૦૦ પૈસા મળી કુલ રૂ. ૩૫,૮૨૭.૮૪ પૈસા લખવામાં આવેલ છે. સદર ગણતરી પત્રકમાં નીચે વાદી સંસ્થાના અધિકારીની સહી છે.

(૧૩) આ કામે આંક – ૧૭ થી આ કામના પ્રતિવાદીને આપવામાં આવેલ વીજચોરી અંગેના પુરવણી બિલની નકલ રજુ કરવામાં આવેલ છે. આ કામે આંક – ૧૮ થી વાદી સંસ્થા દ્વારા પ્રતિવાદીને તા. ૦૭/૦૮/૨૦૨૫ ના રોજની પાવર ચોરીના નાણા ભરપાઇ કરવા અંગેની નોટીસ રજુ રાખેલ છે જેમાં નોટીસ મળ્યેથી દિન–૧૦ માં રકમ ભરપાઇ કરવા માટે જણાવેલ હોય તેવું જણાય આવે છે તેમજ આંક – ૧૯ થી નોટીસ રજી. એડી. કર્યાની એક્નોલોજમેન્ટ રજુ રાખેલ છે, જે એક્નોલોજમેન્ટ મુજબ પ્રતિવાદીને તા. ૧૩/૦૮/૨૦૨૫ ના રોજ નોટીસ મળી ગયેલ છે. આંક – ૨૦ થી પ્રતિવાદીના ખાતાનો લેઝર ઉતારો રજુ રાખેલ છે જેમાં પ્રતિવાદી બિનગ્રાહક હોય તા. ૦૩/૧૦/૨૦૨૩થી તા. ૩૧/૦૮/૨૦૨૫ સુધીના પાવર ચોરીના બિલની રકમ રૂ. ૨૭,૪૩૩.૮૪ પૈસા ઉપર રૂ. ૮,૩૯૪.૦૦ પૈસા ડીલે પેમેન્ટ ચાર્જ બાકી હોવાનું લખવામાં આવેલ છે.

(૧૪) આ કામે આંક – ૨૧ થી વાદી સંસ્થા તરફે જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન, જુનાગઢમાં પ્રતિવાદીના નામે નોંધાવવામાં આવેલ વીજ ચોરીના ગુના અંગેની એફ.આઇ.આર. રજુ રાખેલ છે. તેમાં આરોપીનું નામ આ કામના પ્રતિવાદીનું નામ જણાય

આવે છે તેમજ આરોપી વીજકંપનીના ગ્રાહક ન હોવા છતાં પોતાના ઘર વપરાશના હેતુસર પોલ પરથી સર્વિસ લાઇન વડે વીજલાઇનમાંથી સીધું જોડાણ લઈ બિન અધિકૃત પોતાના મકાનમાં વીજ પુરવઠો મેળવી રૂ. ૨૭,૪૩૩.૮૪ પૈસાની વીજ ચોરીના ગુના અંગેની હકીકત લખવામાં આવેલ છે. આ કામે આંક – ૨૨ થી વાદી સંસ્થા દ્વારા પ્રતિવાદી સામે દાવો દાખલ કરવા માટેની મંજુરીનો હુકમ રજુ રાખેલ છે.

(૧૫) વાદી તરફે રજુ કરવામાં ઉપરોક્ત તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની હકીકતોને ધ્યાને લેવામાં આવે તો આ કામના વાદી સંસ્થાના જવાબદાર અધિકારીઓ તરફે આ કામના પ્રતિવાદીના મકાનમાં કહેવાતી વીજ ચોરી બાબતે ચેકીંગ કરવામાં આવેલું તેવી હકીકતો વીજ સંસ્થાના ચેકીંગ કરનાર અધિકારીઓ પુરાવાઓથી આ કામના વાદી તરફે સાબિત કરવામાં આવેલ હોય તેવું માનવાને કારણ જણાય આવે છે. વાદી સંસ્થાના અધિકારીઓ જાહેર નોકરની વ્યાખ્યામાં આવે છે. કોઈ પણ જાહેર નોકર પોતાની કાયદેસરની ફરજના ભાગરૂપે જે કંઈ પણ દસ્તાવેજી પુરાવાઓ તૈયાર કરેલા હોય તે દસ્તાવેજો ખરા અને સાચા હોવાનું અનુમાન કરવાની કાયદાની સ્થિતિ રહેલ છે. વાદી સંસ્થાના ચેકીંગ કરનાર અધિકારીઓએ તેઓની ફરજના ભાગરૂપે તેઓની કચેરી તરફે કરવામાં આવેલ આદેશ મુજબ પ્રતિવાદીના ઘરે ચેકીંગ કરવામાં આવેલ તેવી હકીકતો ચેકીંગ કરનાર અધિકારી અદાલત સમક્ષ સોગંદ પરના પુરાવામાં જણાવી રહેલ છે ત્યારે આ હકીકતો ખોટી હોય તેવું અનુમાન કરી શકાય તેવી સ્થિતિ રહેલ નથી. હાલનો દાવો દાખલ થયા અંગેની આ કામના પ્રતિવાદીને જાણ કરવામાં આવેલ હોવા છતાં આ કામના પ્રતિવાદીએ વાદી સંસ્થાના અધિકારીઓની ઉલટતપાસ કરી પોતાનો બચાવ આગળ લાવવાની કોઈ દરકાર કરેલ નથી તેવા સંજોગોમાં આ કામની વાદી સંસ્થાના અધિકારીઓ જે હકીકતો જણાવી રહેલ છે તે ખરી હોવાનું અનુમાન કરવાની સ્થિતિ જણાય આવે છે.

(૧૬) આ કામના પ્રતિવાદીના ઘરમાં વીજ ચેકીંગ કરવામાં આવેલું અને તે સમયે આ કામના પ્રતિવાદી વાદી સંસ્થાના ગ્રાહક ન હોવા છતાં વાદી સંસ્થાની વીજ લાઇન પરથી બિન અધિકૃત રીતે સ્થળ પર વીજ ચોરી કરતા માલુમ પડેલ હોય તેવી હકીકતો વાદી તરફે શરૂઆતથી જાહેર કરવામાં આવેલ છે તેમજ વાદી સંસ્થાના અધિકારીઓ પોતાના મૌખિક

પુરાવામાં તેમજ દસ્તાવેજી પુરાવાઓથી આ વીજ ચોરી થયેલ હોવાની હકીકતો અદાલત સમક્ષ રજુ રાખી રહેલ છે તેમજ દસ્તાવેજી પુરાવાઓ આધારે મૌખિક પુરાવાઓની હકીકતો તથા પક્ષ નિવેદનની હકીકતો સાબિત કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદીના ઘરે વીજ ચેકીંગ કરતા સમયે પ્રતિવાદીના ઘરમાં કેટલા વીજ ઉપકરણો લગાડવામાં આવેલ હતા તેવી હકીકતો પણ રેકર્ડ પર સાબિત કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદીને વીજ ચોરીનું બિલ આપવા છતાં તેમજ બાકી રકમ ચુકવી આપવા નોટીસ આપવામાં તેવા સંજોગો ધ્યાને લેતા આ કામના વાદી દાવામાં માંગ્યા મુજબની રકમ પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા હક્કદાર હોય તેવી હકીકતો માનવાને કારણ જણાય આવે છે.

(૧૭) **અદાલતને સિવિલ પ્રોસિજર કોડની કલમ – ૩૪ ની જોગવાઇ મુજબ બાકી લેણી રકમ છ ટકા લેખે સાદા વ્યાજના દરે વસુલ મેળવવા દાદ આપવાની સત્તા મળેલ છે**. આ કામે વાદી તથા પ્રતિવાદી વચ્ચે વ્યાજ બાબતે કોઇ સમજુતી કરવામાં આવેલ હોય તેવી હકીકતો રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. તે તમામ હકીકતો ધ્યાને લેતા આ કામના વાદીને આ કામના પ્રતિવાદી પાસેથી બાકી નીકળતી રકમ **રૂ. ૩૫,૮૨૭.૮૪ પર ૬ (છ) ટકા લેખે વ્યાજના દરે વસુલ મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું માનવાને કારણ જણાય આવે છે.**

(૧૮) ઉપરોક્ત રેકર્ડ પરની તમામ હકીકતો તથા કારણો તથા સંજોગો તથા કાયદાની સ્થિતિ ધ્યાને લઇ મુદ્દા નં. ૧ તથા ૨ નો જવાબ હકારમાં તથા મુદ્દા નં. ૩ નો જવાબ અંશતઃ હકારમાં આપી મુદ્દા નં. ૪ ના કામે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**– ઃ આખરી હુકમ ઃ–**

(૧) આ કામના વાદીનો હાલનો દાવો આથી અંશતઃ મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના વાદીને આ કામના પ્રતિવાદીની તમામ પ્રકારની સ્થાવર – જંગમ તથા જાત મિલકતમાંથી રૂ. ૩૫,૮૨૭.૮૪ પૈસા ની રકમ વસુલ આપવામાં આવે નહી ત્યાં સુધી વાર્ષિક છ ટકાના સાદા વ્યાજના દરે વસુલ મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) આ કામના વાદીને દાવાનો થયેલ ખર્ચ આ કામના પ્રતિવાદીએ ભોગવવો તેવો હુકમ કરવામાં આવે છે.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

તા. ૦૨/૦૪/૨૦૨૬
સ્થળ. ઉના

(નીરજ કુમાર યાદવ)
સેકન્ડ એડી. સિનિયર સિવિલ જજ,
ઉના. તા. ઉના, જી. ગીર સોમનાથ
કોડ નં. GJ-01409